Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૯ ● સળંગ અંક : ૧૧૧૭ ● પ્રકાશિત તા-૩૧-૫-૨૦૨૬,રવિવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## "કામ ન થતું હોય તો ચોખ્ખી ના પાડો, પણ ધક્કા ન ખવડાવો"

# સીએમ ભૂપેન્દ્ર પટેલનો કડક આદેશ



અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સ્વાગત અંતર્ગત આવતી રજૂઆતોનો સમય મર્યાદામાં ન્યાયિક અને સરળ રીતે નિરાકરણ લાવીને પ્રજાનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધુ સંગીન થાય તેવી કામગીરીના જિલ્લા તંત્રને દિશા નિર્દેશ આપ્યા હતા. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું કે, જો કોઈપણ રજૂઆત કર્તાનું કામ નિયમાનુસાર થવા પાત્ર હોય તો તાત્કાલિક તે પૂરું કરી આપવું જોઈએ. એટલું જ નહીં જો નિયમ મુજબ કામ થઈ શકે તેમ ન જ હોય તો સંબંધકર્તા વ્યક્તિને વારંવાર કચેરીના ધક્કા ખવડાવવાને બદલે તાત્કાલિક અને સ્પષ્ટ જવાબ પાઠવી દેવો જોઈએ.

મુખ્ય પ્રધાને મે-૨૦૨૬ મહિનાના રાજ્યકક્ષાના સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રત્યક્ષ રજૂઆતો લઈને આવેલા સામાન્ય માનવીઓની રજૂઆતો સંવેદના પૂર્વક સાંભળી હતી. સામાન્યતઃ દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતો આ રાજ્ય સ્વાગત આ વખતે મે મહિનાના ચોથા ગુરુવારે જાહેર રજાને પરિણામે શનિવારે યોજાવામાં આવ્યો હતો. આ રાજ્ય સ્વાગતમાં ૨૧૫થી વધુ અરજદારો પોતાની રજૂઆતો સાથે મુખ્ય પ્રધાન કાર્યાલયના જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા સ્વાગતમાં ૧૫૩૧ અને તાલુકા સ્વાગતમાં ૨૨૭૪ સહિત સમગ્રતયા ૪૦૨૦ અરજદારોની રજૂઆતો અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ રાજ્ય સ્વાગતમાં જુનાગઢ, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોએ તેમના ખેતરોમાં જવા-આવવાના રસ્તા પર થયેલા ગેરકાયદે અને બિન અધિકૃત દબાણ અંગે રજૂઆત કરી હતી. મુખ્ય પ્રધાને ધરતીપુત્રોની રજૂઆત અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સુચના આપીને જાહેર રસ્તાઓ પરના આવા દબાણો ન થાય અને ખેડૂતો પોતાના ખેતીના સાધનો તથા ખેતપેદાશો સરળતાથી લઈ જઈ શકે તે માટે રસ્તા ખુલ્લા રહે તે સુનિશ્ચિત કરવા તાકિદ કરી હતી. તેમણે જાહેર રસ્તાઓ પર દબાણ કરતાં અસામાજિક તત્વો સામે કડકાઈથી કામ લઈને ખેડૂતોને સલામતીનો અહેસાસ કરાવવા પોલીસ તંત્રને પણ સુચના આપી હતી.

બોટાદ જિલ્લાના એક અરજદારની ખેતીની જમીનમાં હયાતીમાં હક દાખલ કરવા અને હક્ક કમીની નોંધ પ્રમાણિત કરવા સંબંધિત મુદ્દે અગાઉ થયેલી વહીવટી ભૂલને કારણે અરજદારને સ્ટેમ્પ ડ્યુટીનો બોજ ન પડે તે માટે લોકાભિમુખ અભિગમ દાખવવા મુખ્ય પ્રધાને જિલ્લા વહીવટી તંત્રને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના આપી હતી.

અમદાવાદ જિલ્લાના ખેડૂતો દ્વારા રિ-સર્વે બાદ ૭/૧૨નું પાનિયું બંધ થઈ જવાની રજૂઆત અંગે મુખ્ય પ્રધાને જિલ્લા કલેક્ટરને તાત્કાલિક કાર્યવાહી કરવા તેમજ રિ-સર્વે નંબરમાં ચૂકથી પડેલી નોંધના સુધારા માટે પણ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. પાનિયું જનરેટ કરવા માટેનો હુકમ કરી દેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. મુખ્ય પ્રધાને આવા નાના પ્રશ્નોનું નિરાકરણ સ્થાનિક કક્ષાએ જ ઝડપથી લાવવા સૌ જિલ્લા અધિકારીઓને તાકીદ કરી હતી.

વડોદરા જિલ્લાના એક અરજદારે ગામતળના વાડાની પ્રમાણિત નકલ અને માપણી અંગે રજૂઆત કરતાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, સરકારની કચેરીમાં રેકોર્ડ ઉપલબ્ધ ન હોય પરંતુ અરજદાર પાસે પ્રમાણિત નકલ હોય તો તેની યોગ્ય ચકાસણી કરી તેને માન્ય ગણી નિયમ મુજબ કાર્યવાહી થવી જોઈએ. આ અંગે તેમણે જિલ્લા કલેક્ટરને જરૂરી સૂચનાઓ આપી હતી.

અરવલ્લી જિલ્લાના એક ગામનો નગરપાલિકામાં સમાવેશ થયા બાદ વિકાસ યોજના મંજૂર ન થવાને કારણે રહેણાંક બાંધકામની રજા ચિઠ્ઠી આપવામાં વિલંબ થતો હોવાની રજૂઆત મળતા મુખ્ય પ્રધાને નગરપાલિકાને જરૂરી કાર્યવાહી બાદ બાંધકામ રજાચિઠ્ઠી અંગેની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવાની સૂચનાઓ આપી હતી.

# અમદાવાદના નવા મેયરનો તમામ સરકારી સવલતો વાપરવાનો ઈનકાર

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના મેયર પદે હિતેશ બારોટની વરણી કરવામાં આવી છે. મેયર હિતેશ બારોટની નિયુકિત થતાની સાથે જ તેમને પ્રજાલક્ષી અને સાદગીભર્યા વહીવટને દિશામાં અનુકરણ માટે એક પહેલ કરવામાં આવી છે. નવનિયુકત મેયર હીતેશ બારોટે ખુરશી પર બેસતાની સાથે જ એક એવો અભૂતપૂર્વ નિર્ણય જાહેર કર્યો છે. જેની અત્યારે સમગ્ર ગુજરાતના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ રહી છે. સામાન્ય રીતે કોઈ પણ મોટું રાજકીય પદ મળતા જ નેતાઓ સરકારી લકઝરી સુવિધાઓ અને વીઆઈપી પ્રોટોકલ ભોગવવા તરફ દોટ મુકતા હોય છે. પરંતુ આ બધાથી વિપરીત જઈને અમદાવાદના નવા મેયરે તમામ સરકારી સવલતો વાપરવાના સાફ ઈન્કાર કરી દીધો છે. તેમણે જાહેરાત કરી છે કે, તેઓ મેયર માટેનું સત્તાવાર હાઈપ્રોફાઈલ નિવાસસ્થાન એટલે કે મેયર બંગલો રહેવા માટે બિલકુલ વાપરશો નહી પ્રજાના ટેકસના પૈસાનો બગાડ અટકાવવાના હેતુથી તેમણે સરકારી વૈભવી વાહનનો ઉપયોગ ન કરવાનો પણ એક મોટો આદર્શ નિર્ણય લીધો છે. તેઓ શહેરમાં કોઈ પણ સરકારી કાર્યક્રમ કે મનમાની કચેરીઓ આવવા જવા માટે પોતાના અંગત ઈલેકટ્રીક વાહનનો જ ઉપયોગ કરશે. મેયર ઓફીસમાં મળવા આવતા લોકો કે અધિકારીઓને તેમણે સ્પષ્ટ જણાવ્યું છેકે તેઓ કોઈ પણ પ્રકારના ફુલના બુકે કે અન્ય ગીફટ લાવશે નહી. આ પ્રકારના બિનજરૂરી ખર્ચને ટાળીને લોકોના કામને જ પ્રાથમીકતા આપવાનો તેમના નિર્ધાર છે.




સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## જુના વાડજ સહિતના

# જાહેર માર્ગો ઉપર વધુ પાંચ જગ્યાએ ભુવા પડતાં ટ્રાફિકમાં હાલાકી

### અનેક રોડ નીચેની વર્ષો જુની જર્જરીત ડ્રેનેજ લાઈનોના રિપેરીંગની કામગીરી ધીમી

અમદાવાદ : શહેરના અનેક વિસ્તારોનાં રોડ નીચે વર્ષો જુની ડ્રેનેજ લાઈનો ખવાઈ ગઈ હોવાથી ભુવા પડવાનો સિલસીલો યથાવત રહેવા પામ્યો છે. અને છેલ્લા પખવાડીયામાં પાંચેક જગ્યાએ ભંગાણ સર્જાઈ ચુકયા છે. જેથી વાહનચાલકો હેરાનગતિ ભોગવી રહયા છે. શહેરના ખાડીયા વિસ્તારમાં ઝકરીયા મસ્જીદ પાસેના રોડ ઉપર પણ ભુવો પડયો છે. સાંકડા રોડ પર ભુવો પડયો હોવાના કારણે બેરીકીડીગ કરાયું ન હોવાથી સ્થાનીકોમાં રોષ ફેલાયો છે અને ભુવો રીપેર કરાશે. ત્યારે રોડ બંધ કરવો પડશે તેવી સ્થિતીમાં ખાડીયા રાયપુરનાં ટ્રાફીકને અસર થશે. શહેરમાં વર્ષો અગાઉ ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ભરાઈ જવાનાં કારણે ખાડા પડવાનાં અને ભુવા પડવાનાં બનાવ બનતાં હતા. પરંતુ હવે તો ગમે તે મોસમમાં ભુવા પડી રહયા છે. તેનું કારણ આપતાં સુત્રોએ કહયું હતુંકે, વર્ષો જુની ડ્રેનેજ લાઈનોમાં ગંદા પાણીનાં ઉત્પન્ન થતાં ગેસથી ગટરલાઈનો નખાઈ ગઈ છે. અને ધીમે ધીમે અંદરથી તુટી રહી હોવાથી રોડ ઉપર ભુવા પડવા માડયા છે. છેલ્લાં એક પખવાડીયામાં ભુવા પડવાની પાંચ ઘટનાઓ બની છે. જેમાં વાડજ, ખાડીયા, વટવા, સોલા, એસજી હાઈવે સહીતના અલગઅલગ સ્થળોમાં છેલ્લા ૫ દિવસમાં ૫ જેટલા ભુવા પડયા છે. તેમાંય નવા બનતા વાડજ બ્રીજ પાસે ભુવોપડતા રોડ બંધ કરી વાહનચાલકોને ટ્રાફીક ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જેના કારણે ગલીઓમાં થઈને વાહનો કાઢવા પડી રહયા છે. ચોમાસામાં ભુવા પડવાનાં બનાવ વધે તેવી શકયતા ધ્યાને લઈ મ્યુનિ. એ જુદીજુદી જગ્યાએ ડ્રેનેજ લાઈનનાં રીપેરીગની કામગીરી શરૂ કરી છે. પરંતુ મોટી ડ્રેનેજ લાઈનો અંદરથી રીપેર કરવાનો ખર્ચ કરોડો રૂપિયામાં થતો હોવાથી કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે.

## ગરમી અને ડીઝલ-પેંટ્રોલની સ્થિતિને ધ્યાનમાં લઈને ૧૮મી શાળાઓ શરૂ કરવા રજૂઆત

# શાળાઓમાં ઉનાળુ વેકેશન ૧૦ દિવસ લંબાવો: શાળા સંચાલક મંડળ

### યુદ્ધના કારણે ડીઝલ મળતું નથી ત્યારે શાળામાં ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાને લઈને રીક્ષા અને વેનના માલિકો પણ દ્વિધામાં

અમદાવાદ : રાજયમાં આગામી ૮મી જુનથી ઉનાળુ વેકેશન પુરું થયા બાદ સ્કુલો શરૂ થવાની છે. હાલમાં ગરમીની સ્થિતી અને ડીઝલ-પેટ્રોલ સહિતના પ્રશ્નોના કારણે અનેક પ્રકારની મુશ્કેલી ઉભી થાય તેમ હોવાથી રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને ૧૦ દિવસ ઉનાળા વેકેશન લંબાવવા માટે રજુઆત કરી છે. શાળા સંચાલક મંડળ દ્વારા કરશાયેલી માગણીઓ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે હવામાન આગાહી અને વર્તમાન ગરમીના કારણે ગુજરાતના પ્રત્યેક ગામડા અને વર્તમાન ગરમીના કારણે ગુજરાતના પ્રત્યેક ગામડા અને શહેરોમાં ગરમીનો પારો ૪૦થી૪૪ ડીગ્રી વચ્ચે હાલ જોવા મળે છે. આ સંજોગોમાં અસહ્ય તાપ અને ગરમીમાં બાળકોને રાહત આપવી જોઈએ. આ ઉપરાંત ખાડી યુદ્ધના કારણે અને ચોમાસામાં વાવણી કરવાના હેતુસર ખેડૂતોને ડીઝલ ઉપલબ્ધ થતું નથી અને શાળાઓનું ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સંદર્ભે રીક્ષા અને વાનનો માલીકને પણ પેટ્રોલ ડીઝલનો પ્રશ્ન સતાવી રહયો છે. વડાપ્રધાને પણ દરેક રાજયોને ખાડી યુદ્ધના કારણે ઉદભવેલી પરીસ્થિતીમાં સૌનો સાથ સહકાર જરૂરી છે. તેમ કહયું છેકે ત્યારે વડાપ્રધાનની સલાહ પ્રમાણે કે.જી.થી ધો.૫ સુધીની શાળા સપ્તાહમાં પાંચ દિવસ ચલાવવામાં આવે. ધો.૬થી૮ સુધી સપ્તાહમાં ત્રણ દિવસ અને ધો.૯થી૧૨ ઓનલાઈન શિક્ષણ માટે તાકીદે નિર્ણય કરવામાં આવે તેવી માગણી પણ કરવામાં આવી છે. મહત્વની વાત એ કે રાજય શાળા સંચાલક મહામંડળ ગુજરાત પ્રદેશને જુદાજુદા જીલ્લા સંગઠનો તરફથી મળેલી વિવિધ રજુઆતો અને સુચનોને સંક્રમીત કરીને મંડળ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ ઉનાળુ વેકેશન ૧૦ દિવસ લંબાવવા માટેની માંગણી કરવામાં આવી છે.

## શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓનું અનોખું સેવાભાવી ગ્રૂપ એટલે 'આરંભ'

અમદાવાદ : શાળા જીવનથી જ લોકોની મદદ ભાવના એક નોખી પહેલ બની રહી. શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓનું ગ્રુપ આરંભ વૃદ્ધાશ્રમનું વડીલો સાથે સમય વિસ્તારનો હોય ગૌશાળામાં સેવા હોય અબોલજીવોની સહાય હોય કે મનોદિવ્યાંગ બાળકોની શાળામાં પ્રવૃત્તિ કરવાની હોય તેઓ હંમેશા તત્પર રહે છે. નારણપુરામાં રહેતા ૧૭ વર્ષીય અંશ શાહ જેઓ શાળાના મિત્રો સાથે મળીને અનોખું સેવાકાર્ય કરી રહયા છે. અંશ કહે છે કે છેલ્લા એક વર્ષથી કાર્યરત અમારા ગ્રુપમાં ૬૦ જેટલા મિત્રો જોડાયેલા છે. જેમાંથી ૩૦ નિયમીત વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. અમે વિવિધ પ્રવૃત્તિઓને સાથે પછાત વિસ્તારોમાં રહેતા નિરાધાર લોકોને ભોજન કરાવીએ છીએ. અમે તમામ ખર્ચ પોકેટમનીમાંથી કાઢીએ છીએ. આ ઉપરાંત મિત્રો વચ્ચેનો સંબંધ વધુ મજબુત રહે છે. તે માટે અમે મહિનામાં અને ક્રિકેટ પિકલબોલ જેવી રમતોનું આયોજન કરીએ છીએ. ગ્રુપના સભ્યો વિવિધ સામાજીક કાર્યક્રમો સેવા આપે છે.

## સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ૨ માળનો હોલ્ડીંગ એરિયા બનશે



અમદાવાદ : સાબરમતી રેલવે સ્ટેશનને વર્લ્ડ કલાસ મલ્ટીમોડલ હબ બનાવવાના પ્રોજેકટ હેઠળ મુસાફરોની સુવિધા અને ભીડ વ્યવસ્થાપન માટે રેલવે તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રેલવે બોર્ડ દ્વારા દેશના ૭૬ સ્ટેશનો પર મુસાફર હોલ્ડીંગ એરિયા વિકસાવવાની યોજના હેઠળ સાબરમતી ખાતે બે માળના અદ્યતન ભવનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. વેકેશનમાં મુસાફરોને રાહત મળશે. અમદાવાદ ડિવિઝનના ડીઆરએમ વેદ પ્રકાશના જણાવ્યા અનુસાર ન્યુ દિલ્હી રેલવે સ્ટેશનના સફળ મોડલ બાદ સાબરમતીમાં અંદાજ ૮૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં આ હોલ્ડીંગ એરિયા તૈયાર થશે.










NIRMAN REALTY
WE BUILD TRUST & RELATIONS
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## જર્જરિત મકાનો વચ્ચે રહીશોના જીવ તાળવે ચોંટ્યા

# નારણપુરાના શ્રદ્ધાદીપ એપાર્ટમેન્ટમાં રીડેવલપમેન્ટ મામલે મડાગાંઠ..!!

## ફ્લેટોની હાલત અત્યંત બિસ્માર, ગેરકાયદે બાંધકામ કરનાર દુકાનદારો રીડેવલપમેન્ટનો વિરોધ કરતા સોસાયટીમાં જુજ સભ્યોએ બહુમત સભ્યોને બાનમાં લીધા

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદઃ શહેરના પોશ ગણાતા નારણપુરા વિસ્તારમાં આવેલા પ્રાઈમ લોકેશનના 'શ્રદ્ધાદીપ એપાર્ટમેન્ટ'માં રીડેવલપમેન્ટની પ્રક્રિયા છેલ્લા કેટલાક સમયથી વિવાદોના વમળમાં ફસાઈ છે. ૧૦૦ ફ્લેટ અને ૬૩ કોમર્શિયલ દુકાનો ધરાવતી આ સોસાયટીમાં રહેણાંક વિસ્તારના રહીશો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે, જ્યારે મુઠ્ઠીભર દુકાનદારોના વિરોધને કારણે સમગ્ર પ્રોજેક્ટ ખોરંભે પડ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ૧૦૦ જેટલા ફ્લેટોની હાલત અત્યંત બિસ્માર છે. પાણીની ટાંકીઓ, સીડીઓ અને ધાબાના હિસ્સાઓ ગમે ત્યારે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં છે. ચોંકાવનારી વાત એ છે કે દર સપ્તાહે બાંધકામનો કોઈને કોઈ હિસ્સો તૂટી રહ્યો છે. તાજેતરમાં જ એક ફ્લેટમાં છતનો ભાગ તૂટી પડ્યો હતો, જેમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. આગામી ચોમાસાને જોતા રહીશોમાં ભારે ફાળ પડી છે કે જો સમયસર કોઈ નિર્ણય નહીં લેવાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

ગુજરાત સરકારની રીડેવલપમેન્ટ પોલિસી હેઠળ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા આ પ્રોજેક્ટ માટે ૧૦-૧૦-૨૦૨૨ ના રોજ ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૮-૦૩-૨૦૨૩ ના રોજ વર્ક ઓર્ડર (LOA) પણ આપી દેવામાં આવ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ૧૦૦ ફ્લેટોમાંથી મોટાભાગના રહીશો રીડેવલપમેન્ટ માટે તૈયાર છે, પરંતુ આશરે બે-પાંચ દુકાનદારો વિરોધ કરી રહ્યા છે. આ દુકાનો દ્વારા ૧૫ થી ૨૦ ફૂટ જેટલું ગેરકાયદેસર બાંધકામ કરાયું હોવાનું પણ રહેવાસીઓનો આક્ષેપ છે.

દુકાનદારોની માંગ મુજબ, તેમને ૨૫ ટકાના બદલે ૫૦ ટકા વધારાનો લાભ આપવામાં આવે અથવા સેલ્ફ રીડેવલપમેન્ટનો વિકલ્પ અપાય. બીજી તરફ, હાલ દુકાનોનું માસિક ભાડું રૂ. ૧૫ હજારથી ૩૦ હજાર સુધી હોવાનું કહેવાય છે, જ્યારે ડેવલપર દ્વારા ફૂટદીઠ રૂ. ૨૦૦ પ્રમાણે રૂ. ૪૫ હજારથી ૫૦ હજાર સુધીના માસિક ભાડાની ઓફર આપવામાં આવી હોવાનું પણ સ્થાનિકો જણાવી રહ્યા છે.છતાંય દુકાનદારો રીડેવલપમેન્ટનો વિરોધ કરી રહ્યાં છે.

સોસાયટીના રહીશોમાં એવી પણ ચર્ચા છે કે વિરોધ કરી રહેલા દુકાનદારો દ્વારા ?૨૫ લાખની ગિફ્ટ મનીની માંગણી કરવામાં આવી રહી છે. રહીશોનો ગંભીર આક્ષેપ છે કે આ કોમર્શિયલ ધારકો જાણીજોઈને રીડેવલપમેન્ટની પ્રક્રિયાને આગામી પાંચ વર્ષ સુધી લટકાવી રાખવા માંગે છે. જોકે, ૬૦ માંથી ૩૦ દુકાનદારો રીડેવલપમેન્ટ માટે તૈયાર હોવાનું જાણવા મળ્યું છે.

એપાર્ટમેન્ટના રહેવાસીઓએ ચોમાસા પહેલાં રીડેવલપમેન્ટની કામગીરી શરૂ કરવાની માંગ ઉઠાવી છે. તેમનું કહેવું છે કે દર સપ્તાહે બિલ્ડિંગના જર્જરિત ભાગો તૂટી રહ્યા છે, જેના કારણે રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. જો સમયસર કાર્યવાહી નહીં થાય તો ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી પણ સ્થાનિકોએ ચિંતા વ્યક્ત કરી છે.

### શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટમાં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ કાર્યવાહીની સ્થાનિકોની માંગ

અમદાવાદ : એક તરફ સરકાર, મ્યુ તંત્ર અને ગુજરાત હાઉસિંગ બોર્ડ ચોમાસા પહેલા ભયજનક મકાનો ઉતારી લેવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ નારણપુરાના આ શ્રદ્ધાદીપ એપાર્ટમેન્ટમાં અંગત સ્વાર્થ અને જટિલ માંગણીઓને કારણે ૧૦૦ પરિવારોના જીવ જોખમમાં મૂકાયા છે. સ્થાનિકોની માગ મુજબ, શ્રધ્ધાદીપ એપાર્ટમેન્ટમાં રીડેવલપમેન્ટનો વિરોધ કરનાર ગેરકાયદે બાંધકામ કરનાર દુકાનદારો છે. સરકાર અને તંત્ર જયાં સુધી ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ કાયદાનો કોરડો વીઝશે નહીં ત્યાં સુધી રીડેવલપમેન્ટ થવુ શક્ય નથી.

હવે જોવાનું એ રહેશે કે સરકારી તંત્ર આ મામલે મધ્યસ્થી કરીને રહીશોને ક્યારે ન્યાય અપાવે છે.

### ગુજરાત હાઉસિંગ બોર્ડની મોટાભાગની સોસાયટીઓમાં ગેરકાયદે બાંધકામો રીડેવલપમેન્ટમાં સૌથી મોટો વિલન

અમદાવાદ : અમદાવાદમાં નારણપુરા, વાડજ અને સોલા સહિતના વિસ્તારોમાં અનેક હાઉસિંગ બોર્ડની સોસાયટીઓમાં રીડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે, જેમાં મોટાભાગની સોસાયટીઓમાં ગેરકાયદે વધારાના બાંધકામો રીડેવપમેન્ટમાં સૌથી મોટા વિલન તરીકે સાબિત થઈ રહ્યા છે.

હાલ ગુજરાત હાઉસિંગ બોર્ડની મોટાભાગની સોસાયટીઓમાં તમામ મકાનો ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ ૨ એમ કુલ ત્રણ માળના છે.એટલે કે ૩૩ ટકા ગ્રાઉન્ડ ફ્લોર,૩૩ ટકા ફસ્ટ ફ્લોર અને ૩૩ ટકા સેકન્ડ ફ્લોર પર આવેલ છે. ગ્રાઉન્ડ ફ્લોરની વાત કરીએ તો મકાન અને દુકાનદારો ૩૩ ટકા જમીન પર વધારાના ગેરકાયદે બાંધકામ કરીને વિરોધ કરે તો નિયમ મુજબ ૭૫ ટકા સંમતિ મેળવી અઘરી થઈ જાય છે અને રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકે છે.

રીડેવલપમેન્ટના એક્સપર્ટના મત મુજબ, ૩૩ ટકા જમીન ઉપર મકાનો અને દુકાનો વાળા કબજો કરી ગેરકાયદેસર વધારાના બાંધકામ કરી બેઠેલા છે.તેમની સામે સરકાર અને તંત્ર લાલ આંખ કરે તો લેન્ડ ગ્રેબીંગના કાયદાનું પાલન કરાવે તો રીડેવલપમેન્ટ સારી રીતે થઈ શકે.

એક આગેવાનના મત મુજબ, સામાન્ય નાગરિકોમાં રીડેવલપમેન્ટમાં અપૂરતુ જ્ઞાન અને લાલચના કારણે ૩૩ ટકા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર રહેલા અનો ગેરકાયેદ બાંધકામ કરી અડ્ડો જમાવી બેસેલ દુકાનદારો લોભામણી અને લાલચો વાળી વાર્તાઓ કરી અન્ય સભ્યોને ગેરમાર્ગે દોરે છે.

એક દુકાનદારે નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તારમાં સંમતિ રહીશો આપી દે છે. પરંતુ દુકાનદારો એટલે વિરોધ કરે છે કે તેમનો ધંધો બંધ થઈ જાય છે, બીજી જગ્યાએ કે નજીકમાં ફરીથી જુના ધંધાનો સ્થાપવું અઘરુ થઈ શકે છે.લોકો ગેરમાર્ગે દોરતા હોવા છતાં અંગત સ્વાર્થે પણ દુકાનદારો રીડેવલપમેન્ટનો વિરોધ કરતા હોય છે.

છેલ્લે સમજવાની વાત કરીએ તો ૨ મીટરના કાપડમાંથી ૩ વ્યક્તિઓના ઝભ્ભા સિવાય નહી એ દરેક સભ્યે સમજવું જોઈએ...

Digital India
Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC
e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

## શિવભક્તો માટે ખુશખબર

# અમદાવાદ-સોમનાથ AC વોલ્વો બસ સેવાનો પ્રારંભ

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શનાર્થે જતા હજારો શિવભક્તો અને પ્રવાસીઓ માટે એક અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ એટલે કે GSRTC દ્વારા મુસાફરોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરતા અમદાવાદથી સોમનાથ વચ્ચે શાનદાર વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રની સફર ખેડતા યાત્રાળુઓ માટે આ નવી એસી વોલ્વો બસના કારણે હવે સોમનાથની યાત્રા વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી બની જશે.

અમદાવાદથી સોમનાથનું અંતર આશરે ૪૦૦ કિલોમીટર જેટલું છે. સામાન્ય સ્લીપર કે સિટર બસોમાં આટલું લાંબુ અંતર કાપવામાં મુસાફરોને ઘણો થાક લાગતો હોય છે. પરંતુ, GSRTC દ્વારા શરૂ કરાયેલી આ નવી પ્રીમિયમ વોલ્વો એસી સિટર બસ સુવિધાના કારણે મુસાફરો હવે માત્ર ૯ થી ૧૦ કલાકના સમયગાળામાં જ થાક્યા વિના સોમનાથ પહોંચી શકશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ બસમાં પ્રીમિયમ પુશબેક સીટ્સ, એર કન્ડિશનર (AC) અને મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે, જે યાત્રિકોને એકદમ સ્મૂથ અને થાક રહિત મુસાફરીનો અનુભવ કરાવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, GSRTC ની આ વોલ્વો બસ અમદાવાદના મુખ્ય બસ મથકો જેમ કે ગીતા મંદિર અને રાણીપ બસ પોર્ટ પરથી ઉપડશે. મુસાફરોની અનુકૂળતા જળવાઈ રહે તે માટે સવાર અને સાંજ એમ વિવિધ સમયપત્રક રાખવામાં આવ્યા છે. જેમાં મુખ્યત્વે સવારે ૦૫:૪૫ કલાકે અને સાંજે ૧૯:૩૦ કલાકે વોલ્વો બસની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ પ્રીમિયમ ક્લાસ બસનું ભાડું અંદાજિત ૧૦૫૦ થી લઈને ૧૧૨૩ રૂપિયાની વચ્ચે નક્કી કરવામાં આવ્યું છે.

ડિજિટલ યુગમાં મુસાફરોને ટિકિટ બુકિંગ માટે લાંબી લાઈનોમાં ઉભું ન રહેવું પડે તે માટે GSRTC દ્વારા ઓનલાઈન બુકિંગની શ્રેષ્ઠ સુવિધા પણ પૂરી પાડવામાં આવી રહી છે. ભક્તો ઘરે બેઠા જ GSRTC ની સત્તાવાર વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન મારફતે પોતાની મનપસંદ સીટ પસંદ કરીને એડવાન્સ ટિકિટ બુકિંગ કરાવી શકે છે. આ વોલ્વો બસમાં સલામતીના તમામ કડક ધોરણોનું પાલન કરવામાં આવ્યું છે. દર્શને આવતા વૃદ્ધો અને બાળકો માટે આ એસી કોચ અત્યંત અનુકૂળ સાબિત થશે.

ખાનગી બસોના ઊંચા ભાડા અને અનિયમિત સમય વચ્ચે જીએસઆરટીસીની આ વોલ્વો બસ સેવા એક અત્યંત વિશ્વસનીય અને શ્રેષ્ઠ વિકલ્પ બનીને સામે આવી છે. સરકારના આ નિર્ણયને મુસાફરો અને સોમનાથ દાદાના ભક્તો દ્વારા ભારે આવકાર મળી રહ્યો છે.

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં IPL ફાઈનલ ૨૦૨૬ માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા, ૩૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત


અમદાવાદ : અમદાવાદના ભવ્ય નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે IPL ફાઈનલ ૨૦૨૬ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત અને બેંગલુરુ વચ્ચેની આ રોમાંચક મેચ જોવા માટે ગુજરાત સહિત દેશભરમાંથી મોટી સંખ્યામાં ક્રિકેટ રસિકો ઉમટી પડશે. આ ગ્રાન્ડ ફાઈનલને ધ્યાનમાં રાખીને, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને તેની આસપાસના વિસ્તારોમાં અભૂતપૂર્વ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અમદાવાદના શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે સ્વયં આ સમગ્ર સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

IPL ફાઈનલ જેવી મોટી ઈવેન્ટમાં અનેક વીવીઆઈપી મહાનુભાવો, રાજકીય અગ્રણીઓ અને અન્ય મહેમાનો પણ ઉપસ્થિત રહેવાના હોવાથી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ અત્યંત હાઈ એલર્ટ પર છે. કોઈ પણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે અત્યાધુનિક ટેકનોલોજી અને માનવબળનો સમન્વય કરવામાં આવ્યો છે. આ સુરક્ષા વ્યવસ્થા હેઠળ કુલ ૩૦૦૦ જેટલા પોલીસ કર્મીઓને ખડે પગે તૈનાત કરવામાં આવ્યા છે. આ વિશાળ પોલીસ દળમાં સ્થાનિક પોલીસ, ટ્રાફિક પોલીસ અને અન્ય વિશેષ સુરક્ષા દળોના જવાનોનો સમાવેશ થાય છે.

પ્રક્ષકોની સલામતી સુનિશ્ચિત કરવા અને સ્ટેડિયમમાં પ્રવેશ તેમજ બહાર નીકળતી વખતે નાસભાગ જેવી કોઈ અપ્રિય સ્થિતિ ન સર્જાય તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ હેતુસર, સ્ટેડિયમની બહાર ત્રણ અલગ-અલગ હોલ્ડિંગ એરિયા તૈયાર કરવામાં આવ્યા છે. આ હોલ્ડિંગ એરિયાનો મુખ્ય ઉદ્દેશ્ય ભીડને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવાનો અને એક સાથે મોટી સંખ્યામાં લોકોના પ્રવેશ કે નિકાસને ટાળવાનો છે, જેથી સ્ટેમ્પીડની શક્યતાને શૂન્ય કરી શકાય. પોલીસ અધિકારીઓના મતે, આ એક નવી પહેલ છે જે સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

સુરક્ષા વ્યવસ્થા માત્ર સ્ટેડિયમ પૂરતી મર્યાદિત નથી. સ્ટેડિયમ આસપાસના રસ્તાઓ પર ટ્રાફિકનું સુચારુ સંચાલન થાય તે માટે પણ વ્યાપક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં ટ્રાફિક પોલીસના જવાનોને મુખ્ય માર્ગો અને ચોકડીઓ પર તૈનાત કરાયા છે જેથી વાહનવ્યવહારને અડચણ ન પડે અને પ્રેક્ષકો સરળતાથી સ્ટેડિયમ સુધી પહોંચી શકે. મેચ શરૂ થાય તે પહેલાંથી લઈને મેચ પૂર્ણ થયા બાદ તમામ પ્રેક્ષકો સુરક્ષિત રીતે પોતપોતાના ગંતવ્ય સ્થાને રવાના થાય ત્યાં સુધી પોલીસકર્મીઓ સતત ફરજ પર હાજર રહેશે. આમ, આવતીકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં IPL ફાઈનલ મેચ સફળ અને સુરક્ષિત રીતે યોજાય તે માટે પોલીસ દળ સંપૂર્ણપણે સતર્ક અને સજ્જ છે.







Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.